**અગત્યનું**

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/2419-57
ગુજરાત માધ્યમિક અને,
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.02/03/2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
ગુજરાત રાજ્ય.

વિષય:- શૈક્ષણિક વર્ષ-2020/21 માં ધોરણ-9 થી 12 ની શાળાકીય પરીક્ષા લેવા બાબત.
સંદર્ભ:- 1) અત્રેનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/2210-49, તા.24/02/2021.
2) અત્રેનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/2298-2337, તા.26/02/2021.

ઉપરોક્ત વિષય અન્વયે અત્રેના સંદર્ભ દર્શિત પત્રોથી શૈક્ષણિક વર્ષ-2020/21 માટે ધોરણ-9 થી 12 ની શાળાકીય પરીક્ષાની તારીખોની વિગતો તેમજ પરીક્ષાના આયોજન શાળા કક્ષાએથી કરવા અંગેની જરૂરી સૂચનાઓ જાણ તથા અમલ સારૂં આપને મોકલી આપવામાં આવેલ છે.

અત્રેના સંદર્ભદર્શિત પત્રોથી જણાવ્યા મુજબ પ્રથમ પરીક્ષામાં ધોરણ-9 અને 11 ના પ્રશ્નપત્રો 50 ગુણના, ધોરણ-10 ના પ્રશ્નપત્રો 80 ગુણના તેમજ ધોરણ-12 ના પ્રશ્નપત્રો 100 ગુણના રાખવાના થાય છે. ધોરણ-10 અને 12 ના વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્ર પરિરૂપ પ્રમાણે પ્રથમ પરીક્ષાના પ્રશ્નપત્રો શાળા કક્ષાએ તૈયાર કરવાના થાય છે. ધોરણ-9 અને 11 ના વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્ર પરિરૂપના આધારે ધોરણ-9 અને 11 ના પ્રથમ પરીક્ષાના 50 ગુણના પ્રશ્નપત્રો શાળા કક્ષાએ તૈયાર કરવાના થાય છે.

ધોરણ-9 થી 11 અને ધોરણ-12 (સામાન્ય પ્રવાહ)માં તમામ પ્રશ્નપત્રોમાં 30% હેતુલક્ષી પ્રશ્નો તેમજ 70% વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નોનું પ્રમાણ રાખવાનું રહેશે. ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહમાં 50% બહુવિકલ્પ પ્રશ્નો અને 50% વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નોનું પ્રમાણ અગાઉની જેમ જ યથાવત રાખવાનું રહેશે. ધોરણ-9 અને 11 માં પ્રથમ પરીક્ષાના 50 ગુણના પ્રશ્નપત્રોમાં 15 ગુણના હેતુલક્ષી પ્રશ્નો અને 35 ગુણના વર્ણનાત્મક પ્રશ્નો રાખવાના રહેશે. ધોરણ-10 માં 80 ગુણના પ્રશ્નપત્રમાં 24 ગુણના અને ધોરણ-12 (સામાન્ય પ્રવાહ) માં 100 ગુણના પ્રશ્નપત્રમાં 30 ગુણના હેતુલક્ષી પ્રશ્નો રાખવાના રહેશે. ધોરણ-9 થી 12 ના પ્રશ્નપત્રોમાં વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નોમાં ટૂંકજવાબી પ્રશ્નો, લાંબાપ્રશ્નો, નિબંધ પ્રકારના પ્રશ્નો વગેરેનો સમાવેશ કરવાનો રહેશે. આ ઉપરાંત, વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નોમાં અંદાજિત 30% જેટલા જનરલ ઓપ્શનના પ્રશ્નો આપવાના રહેશે. (દા.ત. 10 પ્રશ્નોમાંથી કોઈપણ 7 પ્રશ્નોના ઉત્તર લખો.)

શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય માટે કોવિડ-19 સંદર્ભે સરકારશ્રી દ્વારા જાહેર કરેલ ગાઈડલાઈનનું પાલન ધોરણ-9 થી 12 ની શાળાકીય પરીક્ષાઓ દરમ્યાન પણ કરવામાં આવે તે બાબતની કાળજી રાખવાની રહેશે.

ઉક્ત તમામ વિગતો આપના તાબાની તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપશો.

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

**નકલ સવિનય રવાના :-**

- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.
- ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.

**નકલ રવાના :-**

- સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર. (જાણ સારું)
- નાયબ નિયામકશ્રી, પરીક્ષા (વિ.પ્ર./સા.પ્ર.), ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર. (જાણ તથા જરૂરી કાર્યવાહી સારું)
- પરીક્ષા સચિવશ્રી (SSC), ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર. (જાણ તથા જરૂરી કાર્યવાહી સારું)